सत्यमेव जयते

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં .૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો . જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૮
તા .૨૪/૦૫/૨૦૧૬

નં.મકમ/સત્તાસોંપણી/૧૬-૧૭/૩૧૮૦

## પરિપત્ર

આથી વડી કચેરી ખાતેના તમામ શાખાના વડાઓ અને કર્મચારીઓને જણાવવાનું કે કચેરી કામકાજને લગતી વિવિધ ફાઇલો હાલમાં નિયામકશ્રીને રજુ કરવામાં આવે છે. કચેરી કામકાજમાં અધિકારીઓને સત્તા સોપવામાં આવેલ છે, તેવી બાબતો પણ નિયામકશ્રીને રજુ કરવામાં આવે છે. જે વહીવટી દષ્ટીએ યોગ્ય નથી. સરકારશ્રી/જીલ્લા કલેકટરશ્રી/માન. ધારાસભ્યશ્રીઓ/ સંસદસભ્યશ્રીઓની રજુઆતો નિયામકશ્રીને રજુ કરવી. પરચુરણ પત્રવ્યવહાર નાયબ નિયામકશ્રી સ્તરે વંચાણે રાખવા વિનંતી છે.

જે બાબતો અંગે સંસ્થા/કચેરીઓ પાસેથી માહીતી માગવામાં આવતી હોય, સ્મૃતિપત્રો પાઠવવાના હોય અથવા તો નિયત થયેલ નિયમો મુજબ બીજી બાબતો અંગેની ફાઇલો નિયામકશ્રીની કક્ષાએ રજુ ન કરતાં શાખાના વડાએ બારોબાર નિકાલ કરવાનો રહેશે. સંસ્થાઓની દરખાસ્તો સંદર્ભે/ક્ષેત્રિય કચેરીઓની દરખાસ્તો સંદર્ભે ફાઇલ પર નોંધ વિભાગમાં નિયામકશ્રીની અનુમોદન મેળવ્યા બાદ પત્ર વ્યવહાર નાયબ નિયામકશ્રી સ્તરે કરવાનો રહેશે.

સરકારશ્રીને આપવાની થતી માહીતીઓ, માન.સંસદસભ્યશ્રીઓ, માન.ધારાસભ્યશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓને પ્રત્યુત્તર પાઠવવાની તથા નીતિ વિષયક બાબતો અંગેની ફાઇલો તથા પત્ર વ્યવહારની O/C – F/C નિયામકશ્રીને રજુ કરવાની રહેશે.

નિયામક
સમાજસુરક્ષા ખાતુ,
ગુજરાતરાજય,ગાંધીનગર

**નકલ રવાના:-**

વડી કચેરી ખાતેના તમામ શાખાના વડાઓ અને કર્મચારીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ